# ફાઉન્ડેશન કોર્સ દ્વારા વિદ્યાર્થીની સર્જનાત્મક શક્તિનો વિકાસ થશે

## GSFC યુનિ. દ્વારા સતત બીજા વર્ષે ફાઉન્ડેશન કોર્સ શરૂ

સિટી રિપોર્ટર | વડોદરા




**Education Update**

જી.એસ.એફ.સી. યુનિવર્સિટી દ્વારા 2019-20 માં પ્રથમ વર્ષમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓની નવી બેચ માટે બે અઠવાડિયાના ફાઉન્ડેશન કોર્સનું આયોજન કરવામાં આવેલ છે. યુનિવર્સિટી તેની નૈતિક જવાબદારીના ભાગરૂપે નવા વિદ્યાર્થીઓ સાથે પરિચય કેળવવા, તેમને નવા વાતાવરણમાં અનુકુળ થવામાં મદદ કરવા, તેમનામાં આત્મવિશ્વાસની ભાવના વધારવા, સર્જનાત્મક વ્યવસાયોની શોધખોળ કરવા અને માનસીક તથા શારીરીક વિકાસ માટે પ્રોત્સાહિત કરવા માટે આ ફાઉન્ડેશન કોર્સ મદદરૂપ થશે. આ ફાઉન્ડેશન કોર્સનું ઉદઘાટન યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પી. કે. તનેજા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. નિખિલ ઝવેરી તથા અન્ય ઉચ્ચ પદાધિકારીઓ હાજર રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે વિદ્યાર્થીઓની જરૂરિયાત, પાછલા વર્ષના અનુભવ અને મંતવ્યોને ધ્યાનમાં રાખીને ફાઉન્ડેશન કોર્સની શ્રેણીમાં સતત બીજા વર્ષે આ કોર્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ ફાઉન્ડેશન કોર્સમાં મૂલ્યો અને નીતિશાસ્ત્ર, સામાજિક જાગૃતિ, યુનિવર્સિટીની આચારસંહિતા અને શિસ્ત, સર્જનાત્મકતા, પ્રાથમિક સારવાર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને શારીરિક તંદુરસ્તી વગેરે વિષયો આવરી લેવાશે. આ કોર્સ દરમ્યાન આઈ.પી.ગૌતમ નવલાવાલા, વત્સલા વાસુદેવ અને અમીત ખત્રી અલગ અલગ ક્ષેત્રમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે.